૪૦૨/૭,૨૭૩

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

**વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ - બારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''મહારાજ વઢશે તો તમારો અપરાધ અમે માથે લઈશું, પણ અમારી સામું જુઓ !'' (૫૮)

૨. ''ઘર-બાર સાચવીને કોઈ કે હજાર તો કોઈ કે બે હજાર આપ્યા છે.'' (૩૫)

૩. ''આ ગામમાં તો સ્વામિનારાયણ ભગવાનની આણ છે.'' (૫૪)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. જિજ્ઞાસુએ 'શ્રોત્રિય' ગુરુ પાસે જ જવું જોઈએ. (૨૪)

૨. માંસ ભક્ષણ ન કરવું જોઈએ. (૬-૭)

૩. શીતળદાસને દીક્ષા આપી શ્રીજીમહારાજે તેમનું નામ વ્યાપકાનંદ સ્વામી પાડ્યું. (૧૪)

**પ્ર.૩** ગ્રહણ, આપદ્‌ધર્મ અને પ્રાયશ્ચિત્ત (૧૦-૧૧) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. શ્રીજીમહારાજે કેટલા વર્ષ સત્સંગમાં વિચરણ કર્યું ? (૫૫)

૨. પ્રભાશંકર બાળપણથી જ કેવી રુચિવાળા હતા ? (૫૭)

૩. આત્મારૂપે વર્ત્યા ક્યારે કહેવાય ? (૨૬)

૪. કાશીદાસની સાથે આવેલા મુમુક્ષુઓને શાથી શ્રીજીમહારાજ માટે મનમાં સંશય થયો ? (૨૯)

૫. પટલાણી જ્યારે ગઢડે પહોચ્યાં ત્યારે શ્રીજીમહારાજ શું કરતા હતા ? (૨૩)

**પ્ર.૫** ''એક જણે લાખ રૂપિયાની.....'' (૬૪-૬૫) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. હે કૃપાલો ! હે ભક્તપતે ! ...... શિક્ષાપત્રી પ્રમાણ. (૧૯)

૨. અમે આ યજ્ઞ ...... ક્ષોભ શાનો છે. (શૌર્યગીત)

૩. લોકોત્તરૈ ...... નમામિ. (૧૮)

૪. कार्यं न सहसा ...... सताम् ॥ (૬૧) - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો.

**વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ - ચૌદમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૩**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આ જ સ્વામીજી, જેમની કીર્તિ આજે સમગ્ર ગુજરાતમાં પ્રસરી છે !'' (૭૧)

૨. ''મંદિર થશે તેવું વચન આપ્યું હતું.'' (૬૩)

૩. ''અહીં જે જગ્યાએ મૂળુ મેતર અને કૃષ્ણ માળી રહેતા હતા ત્યાં શ્રીજીમહારાજ પધાર્યા હતા.'' (૮૨)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરી. (૫૨-૫૩)

૨. ડુંગર ભક્ત બાળપણથી જ નીડર હતા. (૬-૭)

૩. રંગાચાર્યને ભગતજીના દર્શનની તીવ્ર ઇચ્છા થઈ. (૨૮)

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. અક્ષરધામનો દરવાજો (૮૫-૮૬) ૨. વિરોધનો વંટોળ (૪૭, ૪૯) ૩. દિવ્ય સમાધિ (૭૬-૭૭)

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. સમાધાનની વાત પડતી મુકાતાં સ્વામીશ્રીએ શું કહ્યું ? (૭૩)

૨. સ્વામીશ્રીની જય બોલાવવાની વાત સાંભળી ગલભાઈએ શું કહ્યું ? (૪૬)

૩. ડુંગર ભક્ત કોની સાથે બોરીઆવી સ્ટેશને આવ્યા ? (૧૬)

૪. ગોરધનભાઈએ હરિભક્તોને ખાસ કઈ ભલામણ કરી ? (૫૧)

૫. બોચાસણ મંદિરની પ્રતિષ્ઠા ક્યારે થઈ ? (૬૦)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નારાયણસ્વરૂપદાસજી સંસ્થાના પ્રમુખપદે (૮૯-૯૦)
(૧) [ ] આ જોગી મહારાજ વચનસિદ્ધ સંત છે. (૨) [ ] આ નિર્ગુણદાસ સ્વામી વચનસિદ્ધ સંત છે.
(૩) [ ] નારાયણસ્વરૂપદાસની ઉંમર - ૨૬ વર્ષ (૪) [ ] નારાયણસ્વરૂપદાસની ઉંમર - ૨૮ વર્ષ

૨. ડુંગર ભક્તની કલાદૃષ્ટિ (૧૦)
(૧) [ ] રાવજીભાઈના ઘરે કાચનું ઝુમ્મર (૨) [ ] વૈષ્ણવોની હવેલીની રવેશીમાં ગોળ થાંભલા
(૩) [ ] વૈષ્ણવોની હવેલીમાં ઠાકોરજીનું સિંહાસન (૪) [ ] ચોરા આગળ કથા

૩. વઢવાણ મંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિપ્રતિષ્ઠા (૪૪-૪૫)
(૧) [ ] અમને તારથી ખબર આપશો. (૨) [ ] કોઠારી પણ યજ્ઞપુરુષદાસને કંઈ કહેતા નથી.
(૩) [ ] શ્રીજી કરે તે ખરું. (૪) [ ] અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ મધ્યખંડમાં પધરાવી.

પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**ઉદાહરણ : વિદ્યારંભ :** એક વખત ગામમાં પીજનો એક માણભટ્ટ, થાળી વગાડી રામાયણની કથા કરવા આવ્યો. પ્રાગજી ભક્તને કથાની શૈલી મોઢે થઈ ગઈ.

જવાબ : **વિદ્યારંભ :** એક વખત ગામમાં **વસોનો** એક માણભટ્ટ, **માણ** વગાડી **મહાભારતની** કથા કરવા આવ્યો. **ડુંગર** ભક્તને કથાની શૈલી મોઢે થઈ ગઈ.

૧. **ચમત્કારની પરંપરા :** ચાર વર્ષના ડુંગર ભક્ત એક વખત એક કુટુંબીના લગ્નપ્રસંગે વીરસદ ગયા. (૫)
૨. **'એ તો મારો કોડીલો લાલ' :** ભગતજી મહારાજની આજ્ઞાથી યજ્ઞપુરુષદાસજીએ સારી ચાખડીની જોડ જે પોતાની પાસે હતી, તે નારાયણચરણદાસજીને જોઈતી હતી તેથી આપી દીધી. (૨૪)
૩. **સંતોની પ્રેરણા :** અજેન્દ્રપ્રસાદજી મહારાજ જે ગાદીના વારસદાર હતા તેમને બદલે કુંજવિહારીપ્રસાદજી, જે ફક્ત ત્રણ જ વર્ષની ઉંમરના હતા, તેમને કેટલાક સાધુઓ તથા પાર્ષદોએ ગાદીએ બેસાડ્યા. (૪૦)
૪. **ગુણાતીત સમાધિસ્થાનમાં મંદિર :** હરિભાઈએ શરત મૂકી હતી કે, ''એ સ્થાને મંદિર કાયમ રાખી ત્રણ વર્ષમાં મંદિર પૂરું કરવું.'' (૭૭)
૫. **ગુરુ-શિષ્યનો પ્રેમપ્રવાહ :** ભગતજી મહારાજનાં દર્શને જતા હરિભક્તો સાથે વિજ્ઞાનદાસજીએ હરિકૃષ્ણ મહારાજનો પ્રસાદીનો મોગરાની કળીનો હાર તથા એક પત્તર ભગતજી મહારાજને ભેટ આપવા મોકલ્યાં. (૨૫)
૬. **વરતાલ સાથે સમાધાનની વાટાઘાટો :** સ્વામીશ્રીએ તો સ્ટેશનથી ગામ અને ગામથી સ્ટેશનના ત્રણ ધક્કા ખાધા. છેવટે નરસિંહદાસના દીકરા ગોવિંદભાઈ રસ્તામાં મળ્યા. તેમણે ટિકિટ કઢાવી આપી. (૭૪)

❊ ❊ ❊

**સૂચના :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**